GUJARAT GUARDIAN, Surat, 13.1.2024
Page No. 13, Size:(17.93)cms X (3.43)cms.

**110 people participated in the Bullet Train Quiz at the Global Summit in Gandhinagar**

# ગાંધીનગરમાં ગ્લોબલ સમિટમાં બુલેટ ટ્રેન અંગે ક્વીઝમાં ૧૧૦ લોકોએ ભાગ લીધો

**સુરત, તા.૧૨**

ગાંધીનગર ખાતે રાજ્ય સરકાર દ્વારા આયોજિત વાયબ્રન્ટ ગુજરાત સમિટ ખાતે બુલેટ ટ્રેન માટે પણ વિશેષ સ્ટોલ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં બુલેટ ટ્રેનનુ મોડલ પણ બનાવવામાં આવ્યું હતું. જેની આજે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મુલાકાત લીધી હતી.

આજે વાયબ્રન્ટ ગુજરાત સમિટના અંતિમ દિવસે બુલેટ ટ્રેનના સ્ટોલ ખાતે 6 હજારથી વધું લોકોએ મુલાકાત લીધી હતી. દરમિયાન ખાસ બુલેટ ટ્રેનને લઈને એક ક્વીઝ કોમ્પીટીશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં 110 જેટલા વિઝિટર દ્વારા ભાગ



લેવામાં આવ્યો હતો.

ઉપરાંત બુલેટ ટ્રેનના સ્ટોલ ખાતે ખાસ ડ્રોઈંગ કોમ્પીટીશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 100 જેટલા વિદ્યાર્થીઓ દ્વારા પેઈન્ટિંગ કરવામાં આવી હતી. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા બુલેટ ટ્રેનની હાલની પ્રોગરેસ અંગે પણ અધિકારીઓ પાસેથી માંહિતી લીધી હતી. અને 100 ટકા જમીન સંપાદન થઈ ગયા બાદ કઈ રીતે કામ પ્રગતિ કરી રહ્યું છે તેની પણ માહિતી મેળવી હતી.

RAJASTHAN PATRIKA, Ahmedabad, 13.1.2024
Page No. 2, Size:(4.70)cms X (7.33)cms.

वाइब्रेंट गुजरात ग्लोबल ट्रेड शो

# बुलेट ट्रेन सिमुलेटर में सफर का लुत्फ उठाने पहुंचे लोग



**गांधीनगर @ पत्रिका.** अहमदाबाद और मुंबई के बीच बुलेट ट्रेन तो अभी नहीं चली है, लेकिन गांधीनगर के हेलीपेड एक्जीबिशन पर इन दिनों जारी वाइब्रेंट गुजरात ग्लोबल ट्रेड शो में यहां पर आए लोगों ने सिमुलेटर के जरिए बुलेट ट्रेन के सफर जैसा लुत्फ उठाया। रेल मंत्री अश्विनी वैष्णव ने भी इस ट्रेड शो में नेशनल हाइस्पीड रेल कॉर्पोरेशन (एनएचआरसीएल) के स्टॉल का जायजा लिया। उन्होंने सिमुलेटर में बुलेट ट्रेन का सफर जैसा सफर किया। साथ ही यहां लगे सिमुलेटर और बुलेट ट्रेन के मॉडल को देखा। यहां आए लोगों को बुलेट ट्रेन स्टेशनों नदियों पर बने पुलों और समुद्र में बनाई जा रही साथ ही सुरंग की टनल बोरिंग मशीन (टीबीएम) भी देखी।

**At the Vibrant Global Trade Show, visitors had a hands-on experience of riding a bullet train**

# વાઈબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શોમાં મુલાકાતીઓએ બુલેટ ટ્રેન ચલાવવાનો પ્રત્યક્ષ અનુભવ લીધો

## » સ્માર્ટ ઈન્ટ્રાસ્ટ્રક્ચર, બુલેટ ટ્રેન, ધોલેરા સ્માર્ટ સિટી અને સુરત કોર્પોરેશનના સ્ટોલમાં જમાવડો

**નવગુજરાત સમય** > ગાંધીનગર

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ અંતર્ગત ગાંધીનગરના હેલીપેડ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આપ્રદર્શન શુક્રવારથી બે દિવસ માટે સામાન્ય મુલાકાતીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. તેના પગલે ગુજરાતમાં વિવિધક્ષેત્રમાં રોકેટગતિએ થઈ રહેલા વિકાસની ઝાંખી જોવા માટે મુલાકાતીઓ ખુબ મોટીસંખ્યામાં ઊમટી રહ્યાં છે.

આટ્રેડશોમાંખાસ કરીને ભારતની સૌપ્રથમ હાઈ સ્પીડ બુલેટ ટ્રેનની માહિતી મુલાકાતીઓ મેળવી રહ્યા છે. મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ કોરિડોર એટલે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ હાલ પુર ઝડપે ચાલી રહ્યું છે. બુલેટ ટ્રેનના પેલિયનમાં એક સ્ટીમ્યુલેટર મૂકવામાં આવ્યું છે. જેમાં બેસીને બુલેટ ટ્રેન ચલાવવાનો પ્રત્યક્ષ અનુભવ મેળવી શકાય છે.

આ ઉપરાંત ડાયમંડ આકારમાં બનનારા સુરત રેલવે સ્ટેશન, અમદાવાદ રેલવે સ્ટેશન, બોરિંગ મશીનના વિવિધ મોડેલ્સ મુલાકાતઓ રસપૂર્વક રીતે નિહાળી રહ્યા છે. ડોમ નંબર 10નાસ્ટોલમાં રોબર્ટના પાંચ મોડલ્સ મૂકવામાં આવ્યા છે. જેમાં ડ્રેસર- સર્વિંગ રોબો,એથેલા- સિક્યુરિટી એન્ડ સર્વેલંન્સ રોબો, વલકન- ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ ક્લિનિંગ રોબો, ટેલોર્સ -રોબોટિક આર્મ જેવા રોબોટના મોડેલ પ્રદર્શનમાં મુકાયા છે. આ ઉપરાંત સ્કંધ રોબોનું વર્કિંગ મોડેલ પણ જોવા મળી રહ્યું છે. ડિફેન્સ અને સ્પેસ ક્ષેત્રે કાર્ય કરવા માટે ડિઝાઈન કરેલ સ્કંધ રોબોટ પર્સનલ સેક્રેટરી બનવાની ક્ષમતા ધરાવે છે. આ રોબોટ સાથે ફોટો પડાવવા માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



## 'પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના 'ટ્રેડ શોમાં આકર્ષણનું કેન્દ્ર બની

હસ્તકલા કારીગર, માટીકામ કારીગર તથા ખેડૂતોને સહયોગરૂપ થતી 'પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના'એ ટ્રેડ શોમાં આકર્ષણજગાવ્યુછે. ટ્રેડ શોના પાંચ નંબરના પેવેલિયનમાં હસ્તકલા કારીગર, માટીકામ કારીગર તથા ખેડૂતોને સહયોગરૂપ થતી 'પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના'થી લાભાન્વિત થયેલ હસ્ત કલા કારીગરોની બનાવટો મુલાકાતીઓને આકર્ષી રહી છે.ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાંથી આવતા માટીકામ કારીગરની વિવિધ બનાવટો જેમ કે કોડીયા, દીવા, વાસણો, માટલા તથા માટીમાંથી લાઈવ વસ્તુઓ બનાવીને લોકોનો ઉત્સાહ વધારે છે. વાંસની બનાવટની વસ્તુઓ જેવી કે તીર કામઠા, નાની ટોપલીઓ, શાક ભરવા માટેની ટોપલીઓ, સાવરણી, બાળકો માટેનું ગિલ્લોલ આકર્ષણનું કેન્દ્ર છે.

SANDESH, Ahmedabad, 13.1.2024
Page No. 2, Size:(10.54)cms X (9.59)cms.

**Global Trade Show: Visitors had a virtual experience of riding a bullet train**

### સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અનુભૂતિ આપતા વિવિધ મોડેલ્સ

# ગ્લોબલ ટ્રેડ શો : મુલાકાતીઓએ બુલેટ ટ્રેન ચલાવવાનો વર્ચ્યૂઅલ અનુભવ કર્યો

## સ્ટોલમાં રોબર્ટના પાંચ મોડલ્સ મુકાયા, યુવાનોનો જમાવડો

। અમદાવાદ ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોમાં આવેલા મુલાકાતીઓએ બુલેટ ટ્રેન ચલાવવાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. ગુજરાતના સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અનુભૂતિ આપતા વિવિધ મોડેલ્સ અને પ્રોજેક્ટ મુલાકાતીઓ રસપૂર્વક નિહાળી રહ્યા છે, ખાસ કરીને ભારતની સૌપ્રથમ હાઈસ્પીડ બુલેટ ટ્રેનની માહિતી મુલાકાતીઓ મેળવી રહ્યા છે, મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ કોરિડોર એટલે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ હાલ પૂર ઝડપે ચાલી રહ્યું છે, બુલેટ ટ્રેનના પેવેલિયનમાં એક સ્ટીમ્યુલેટર મુકાયુંછે, જેમાં બેસીને બુલેટ ટ્રેન ચલાવવાનો પ્રત્યક્ષ અનુભવ મેળવી શકાય છે. આ ઉપરાંત ડાયમંડ આકારમાં બનનારા સુરત રેલવે સ્ટેશન, અમદાવાદ રેલવે સ્ટેશન, બોરિંગ મશીનના વિવિધ મોડેલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ડોમ નંબર ૧૦માં પણ યુવાનોનો જમાવડો જોવા મળી રહ્યો છે. આ સ્ટોલમાં રોબર્ટના પાંચ મોડલ્સ મૂકાયા છે. જેમાં ડેસર સર્વિંગ, રોબો, એથેલા જેવા રોબોટના મોડલ પ્રદર્શનમાં મુકાયા છે. સ્કંધ રોબોનું વર્કિંગ મોડલ પણ જોવા મળી રહ્યું છે.





### મુલાકાતીઓએ અયોધ્યા ધામ જંકશન નિહાળ્યું

ટ્રેડ શોમાં આત્મનિર્ભર ભારત પેવેલિયનમાં વિવિધ રાજ્યોની સંસ્કૃતિ જોવા મુલાકાતીઓની ભીડ જામી છે. ભારતીય રેલવે દ્વારા તૈયાર કરાયેલા અયોધ્યા ધામ જંક્શાન નિહાળીને મુલાકાતીઓ આનંદ વિભોર થયા હતા. સાથે જ રેલવેના ઈતિહાસની વિવિધ આયામોની રેપ્લિકા તૈયાર કરાઈ છે.